ચિંતન

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

દ્વિષો નો વિશ્વતોમુખાતિ નાવેવ પારય ।
અપ નઃ શોશુચદઘમ્ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે સર્વતોમુખી અગ્નિદેવ ! આપ નૌકાના નાવિકની જેમ ભવસાગરમાં બધા શત્રુઓથી બચાવીને એમને પાર લઈ જાઓ. આપ અમારાં પાપોનો નાશ કરો.

આ શ્લોકની તુલના એક ન્યાયાધીશ સાથે કરવામાં આવી છે, કે જે પ્રજાની સુરક્ષા માટે જંગલોમાં જઈને ડંખ દેનારને તથા દુષ્ટજનોને દંડ આપે છે, નાવમાં બેસીને સમુદ્રમાં પણ પ્રજાનું રક્ષણ કરે છે. અને દરેક રીતે મનુષ્યનાં સુખશાંતિની વ્યવસ્થા કરીને એમને સાચો આનંદ આપે છે, તે જ સચ્ચિદાનંદ છે.

આપણે પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર આપણાં પાપોનો નાશ કરે કરે પરંતુ આપણી જાતને પાપકર્મોથી બચાવવા માટે પ્રયત્નો પણ નથી કરતા, પ્રાયશ્ચિત કરવાનો તો વિચાર જ નથી આવતો. આ પરિસ્થિતિમાં ભગવાન આપણને આ ભવસાગરની અનેક મુશ્કેલીઓમાંથી બચાવીને કેવી રીતે પાર ઉતારી શકે ? આપણે પોતે જ સળગાવેલી નરકની આગમાં શેકાયા કરીએ છીએ.

ઈશ્વરીય સત્તાનો સહયોગ મેળવીને જ આપણે ધરતી પર સ્વર્ગનું વાતાવરણ ઉત્પન્ન કરી શકીએ છીએ, પરંતુ એ તરફ આપણું ધ્યાન જ જતું નથી.

સુવિચાર

- દિલભી ઝૂકના ચાહિયે સજદે મેં સર કે સાથ... દિલ કહીં, સર કહીં...
  યે બંદગી અચ્છિ નહીં. - **કુંવર બેચેન**
- આપણું વર્તન આપણી એક છાપ છોડીને જતું હોય છે, આપણે ચાલ્યા જઈએ પછી પણ એ છાપ ત્યાં હાજર હોય છે અને એ આપણે કેવા છીએ એની ગવાહી પૂરતી રહે છે - **કૃષ્ણકાંત ઉનડકટ**
- કૃષ્ણમય તત્ત્વ મળે પછી પૂછવું શું ? એ ઈશ ભીતર મળે પછી પૂછવું છું ? - **રાજેશ બારૈયા**
- પ્રકૃતિ તત્ત્વની શીખ : પુષ્પો - સારા સંસ્કારોની સુવાસ ફેલાય તેવા કર્મો કરજો - **સ્નેહા પટેલ**
- દરેક અનુભવ યાદ રાખજો તો આ ભવ જરૂર સુધરી જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેને ગુણની પરખ નથી, એની પ્રશંસાથી ડરવું...!! - **સુધીર નાયક**
- આજનું ઔષધ : કાચા કે પાકા પપૈયાના બીજ પાંચેક નંગ પાણીમાં ઉકાળી તે પાણી પીવાથી ઝાડા બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શિષ્યે ગુરુ પાસે જઈ કહ્યું, 'આપણા કહેવા મુજબ હું રોજ ત્રણવાર પ્રાર્થના કરું છું, પણ મને હજી ક્યાંય ભગવાનની અનુભૂતિ થઈ નથી. મને સમજાવો મારે શું કરવું ?'

ગુરુએ શિષ્યને કહ્યું, 'આપણા આશ્રમના આંગણામાં જે ગુલમહોરનું ઝાડ છે તેની એક ડાળી કાપીને લઈ આવ.' શિષ્ય ગુલમહોરની ડાળી કાપી લાવ્યો. ગુરુએ કહ્યું, 'આજે પ્રાર્થના કરજો અને કાલે સવારે મને મળજો.' બીજા દિવસે શિષ્ય આવ્યો. ગુરુએ કહ્યું, 'જે વૃક્ષની ડાળી તમે કાપી હતી તે ઝાડ હજી જીવે છે કે નહીં તે જોઈ આવો.'

શિષ્યે જોયું ઝાડ જીવંત હતુ ગુરુએ કહ્યું, હવે એ ઝાડને મૂળમાંથી કાપી મૂળ લાવી આપો.' હવે શિષ્ય મુંઝાયો, અને ત્યાંને ત્યાં ઊભો રહ્યો. ગુરુએ કહ્યું, 'જાઓ ગુલમહોર મૂળમાંથી કાપી લાવો.' શિષ્યે ડરતા ડરતા કહ્યું, 'ગુરુજી, માફ કરજો, જો હું ઝાડને મૂળમાંથી કાપીશ તો ઝાડ આખું મરી જશે. અને એક બાજુ તમે અમને વધુ ઝાડ વાવવાનું કહ્યું, જાળવણી કરવાનું કહો છો. અને પછી મૂળમાંથી કાપવાની આજ્ઞા શું કામ આપો છો?' હું આપની આ આજ્ઞાનું પાલન નહીં કરી શકું.

ગુરુએ કહ્યું, 'વત્સ, તારી વાત સાચી છે, મૂળ કાપવાની ઝાડ મરી જશે, પણ ગઈ કાલે તે ડાલ કાપી તો ઝાડ જીવંત રહ્યું છે, આપણી પ્રાર્થના એ ઝાડની ડાળી સમાન છે, પણ ઝાડના મૂળ જેમ ડાળીને જીવંત રાખે છે તેમ પ્રાર્થનાને જીવંત રાખે છે તે 'શ્રદ્ધા' માટે શ્રદ્ધા અને વિશ્વાસ બહુ જરૂરી છે. શ્રદ્ધા અને વિશ્વાસ પ્રાર્થના વિના પણ જીવંત રહી શકે છે, પણ પ્રાર્થનાને જીવંત બનાવવા વધુ અસરકારક બનાવવા સાચી શ્રદ્ધા અને વિશ્વાસ જરૂરી છે, માટે હવે તમે જે પ્રાર્થના કરો તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ ઉમેરજો.

શિષ્ય ને ગુરુદેવની વાત શિરાની જેમ ગળે ઉતરી ગઈ.

ઘાંઘા થઈ ગયા છે મિયાં ઈમરાનખાં

તંત્રીસ્થાનેથી...

ક્રિકેટરમાંથી રાજકારણના વિવાદાસ્પદ ક્ષેત્રમાં કિસ્મત અજમાવવા આવેલા પાકિસ્તાનના વડાપ્રધાન દિવસે દિવસે વધુને વધુ ઘાંઘા થતા જાય છે. તેઓ પોતાની હેસિયત નથી જાણતા એવું તો શી રીતે કહેવાય ? પરંતુ પાક આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈના પપેટ તરીકે એમને હવે હેસિયત બહારના ખોંખારા પણ ખાવા પડે છે. ભારત અને પાકિસ્તાન એકીસાથે આઝાદ થયેલાં, પંરતુ મિયાં ભાઈની ટંગડી ઊંચી એ ન્યાયે અડધી રાથે મળેલી આઝાદીનો જશન ભારતે તો પંદરમી ઓગસ્ટે મનાવ્ય હોત જયારે પાકિસ્તાને એના આઝાદી દિન તરીકે ચૌદમી ઓગસ્ટનો દિવસ મુકર્રર કરી ભારતથી આગળ રહેવાની હોડ બકી હતી ! આ વખતની ચૌદમી ઓગસ્ટ એટલે કે પાકિસ્તાનનો સ્વાતંત્ર્ય દિવસ ઈમરાન ખાને પાકિસ્તાન હસ્તકના કાશ્મીર ખાતે ઊજવ્યો હતો. પાક અધિકૃત કાશ્મીરને પણ ભારત તો પોતાનો જ પ્રદેશ માનતું રહ્યું છે પરંતુ આઝાદીના સાત સાત દાયકા વીતી ગયા પછી પણ એને કબજે કરવાનું કે એનો છાલ છોડવાનું ભારતે પસંદ કર્યું નથી. છેલ્લે જમ્મુ અને કાશ્મીર રાજયને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વહેંચી દેવાનો તથા કાશ્મીરને લગતી ૩૭૦ અને ૩૫-એ જેવી વિકાસ વિરોધી કલમો રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય સંસદમાં જાહેર કરતી વખતે ગૃહમંત્રી અમિત શાહે ખોંખારીને કહ્યું હતું કે પાક અધિકૃત કાશ્મીર અને પાકિસ્તાન દ્વારા ચીન હસ્તક કરી દેવાયેલ અકસાઈ ચીન - એ બેઉ પ્રદેશ ભારતના છે અને તે આપણે પાછા મેળવીને જંપીશું. આપણી સેના તો ચોવીસે કલાક સજ્જ રહેનારી સેના છે. પરંતુ એની ચોટી સરકાર હસ્તક હોઈ એને સરકારના એટલે કે વડાપ્રધાનના આદેશની રાહ જોવાની ફરજ પડે છે. ભારતીય સેનાપ્રમુખ બિપિન રાવતે સરકાર ફક્ત આદેશ કરે એટલી જ વાર છે' - એમ જણાવી ગણતરીની મિનિટોમાં પાક અધિકૃત કાશ્મીરનો કબજો મેળવી શકાશે એવો સધિયારો આપ્યો છે. એ બધું ઈમરાનખાન પણ સમજે છે. એટલે તેઓ કાશ્મીરની પ્રજાના વકીલ હોય એમ આખી દુનિયામાં ભારત સરકાર કાશ્મીર પર જુલમ ગુજારી રહી હોવાની રજૂઆત કરતા ફરે છે. જો કે એક માત્ર ચીન સિવાય એમને કોઈ પણ દેશનું સમર્થન મળ્યું નથી. ખાડીના દેશો પાસે ગુહાર લગાવી એમાં પણ એમને જાકારો સાંપડ્યો છે. યુનોમાં કોઈએ એમની વાતને ગંભીરતાપૂર્વક લીધી નથી. આથી ઘાંઘા થઈને ફરી એકવાર ઈમરાનખાને પાક અધિકૃત કાશ્મીરના પાટનગર મુઝફ્ફરાબાદમાં યુવાનોની રેલી કરી અને સરકારી ખર્ચે ટ્રકો ભરી ભરીને લવાયેલ જુવાનિયાઓને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સાંકળવા હાકલ કરી છે પોતે યુનોમાં રજૂઆત કરશે અને સમય આવ્યે પોતે જ યુવાનોને એલઓસી તરફ કૂચ કરવા માટે આદેશ આપશે - એવું જાહેરમાં કહેનારા ઈમરાનખાન પાસે હવે એમના દેશના ખૂંખાર આતંકવાદીઓના શરણે જવાના દહાડા આવ્યા છે. એક તરફ પોતે આતંકી આકાઓને જેર કરતા હોવાનો દાવો કરે છે અને બીજી તરફ યુવાનોને એમના હવાલે કરી દઈ કાશ્મીરમાં ઘુસણખોરી કરવા પ્રેરી રહ્યા છે! સમય પાકી ગયો છે - નિર્ણાયક ઘડી આવી પહોંચી છે. સેનાધ્યક્ષ મોદીના આદેશની જ રાહ જોઈ રહ્યા છે!

ગર્ભ સંસ્કાર

રંગ-ઉમંગ
કાનન ઓઝા

આજ કાલ ગર્ભ સંસ્કાર શબ્દ બહુ પ્રચલિત છે. સંસ્કાર અર્થાત્ 'સંસ્કારો હિ ગુણોતરાધાનમ્ ઉચ્ચયતે'।

કહેવાય છે કે બાળક ૮૦% સંસ્કાર તેના પૂર્વ જન્મમાં લઈને આવે છે. ૨૦% સંસ્કાર તમે આપી શકો છો. અહીં ૨૦% સંસ્કાર આપવા એ બહુ મહત્ત્વનો હિસ્સો છે. ગર્ભ સંસ્કાર યુક્ત બાળક અને સામાન્ય બાળક અંતર્ગત તેનામાં વૃદ્ધિ અને વિકાસમાં બહુ તફાવત હોય છે. ગર્ભ સંસ્કાર યુક્ત બાળક બુદ્ધિશાળી, પરાક્રમી, આનંદિત સાંભળેલું તરત જ યાદ રહી જાય વગેરે જેવા અનેક ગુણો ધરાવે છે. તો હવે જોઈએ આ ગર્ભ સંસ્કાર અંતર્ગત હોય છે શું ?

'Pregenancy by Plan not by Chance'

ગર્ભધારણ હંમેશા યોજના મુજબ હોવું જોઈએ. અર્થાત્ ગર્ભધારણ પહેલા ૨-૩ મહિના પતિ-પત્નીની શારીરિક અને માનસિક સ્થિતિ સારી હોવી જરૂરી છે. જો આ બંને વ્યવસ્થિત ના હોય તો બાળક માનસિક કે શારીરિક રીતે વ્યાધિગ્રસ્ત આવવાની શક્યતા રહે છે, જેના માટે ચરકસંહિતા અંતર્ગત શરીરસ્થાન ૮માં ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટેના ઉપાય જમાવેલ છે, જેમાં ભાવિ માતા-પિતાનું શોધન પંચકર્મ દ્વારા કરવામાં આવે છે. પંચકર્મ કર્યા બાદ ૧ મહિના સુધી સંપૂર્ણ બ્રહ્મચર્ય અર્થાત્ ગર્ભાધાન સંસ્કાર કરાવામાં આવે છે. ત્યારબાદ મંત્ર ચિકિત્સા દ્વારા ઉત્તમ બાળકનું આહ્વાહન કરવામાં આવે છે.

આ સમય દરમિયાન ખોરાકનું સંપૂર્ણ મહત્ત્વ છે. પોષણયુક્ત ખોરાક લેવા માટેનો નિર્દેશ કરવામાં આવે છે, જે અંતર્ગત ગાયનું દૂધ, ઘી, અળદ, લીલા શાકભાજી, સૂકો મેવો, ફળનું સેવન શરીરને પોષણયુક્ત કરે છે. પ્રેગ્નેન્સી ટેસ્ટ પોઝીટીવ આવ્યા બાદ મહિના પ્રમાણે ખોરાક અને આયુર્વેદિક દવા લેવાથી ગર્ભનો વિકાસ સંપૂર્ણ થાય છે. જેના અંતર્ગત બીજા માસમાં દૂધ સાથે સતાવરી, યષ્ટીમધુ જેવી દવાઓ લેવી જોઈએ ૩ મહિનામાં ચોખાની આઈટમ, દૂધ, મધ લેવું જોઈએ. ૪ મહિનામાં બાળકનું હૃદય બનતું હોય છે, જેથી ઘરે બનાવેલું માણખ વધારે ખાવું, પમાં હિનામાં બાળકના 'મન' માટે ગાયનું ઘી ઉત્તમ છે. તે જ રીતે ૬ મહિનામાં માનસિક વિકાસ માટે બ્રાહ્મણી, શંખપુષ્પી જેવી દવાઓ શરુ કરાવવી, સાથે સાથે બ્રેઈનને રીલેટેડ રમત જેમ કે, સુકોડુ, પઝલ્સ રમવી જોઈએ. ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું હળવી કસરતો નોર્મલ ડિલીવરી માટે જરૂરી છે. સાથે-સાથે ૧-૩ મહિના અંતર્ગત પુંસવન સંસ્કાર અને ૭ મહિને સીમંતોનયન સંસ્કાર દ્વારા બાળકમાં સંસ્કારોનું પ્રદાન કરી શકાય. આપણી પાસે એવા દર્દીઓ છે કે જેમણે આ પરીચર્યાનું સંપૂર્ણપાલન કર્યું હોય અને તેનાથી તેમને ઉત્તમ પરિણામ મળ્યાં છે. સાથે સાથે ભાવિ પેઢી દ્વારા આપણે શ્રેષ્ઠ સમાજની રચના કરી શકીશું. તો ચાલો, આપણે સંપૂર્ણ સમાજની રચના કરવામાં ભાગ ભજવીએ.

સંસારનું અમૃત પીને, આવો, આપણે સૌ 'નીલકંઠ' બનીએ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા કેટલાક દિવસોથી પૂ. શ્રી મોરારિબાપુ અને સ્વામીનારાયણ સંપ્રદાય વચ્ચે 'નીલકંઠ' સંદર્ભે સનાતન ધર્મને લઈને વિવાદ ચાલી રહ્યો છે, જો કે પૂ. મોરારિબાપુ તો આ વિવાદમાંથી ક્યારના ય ખસી ગયા છે, તેમને લાગ્યું કે પોતાના દ્વારા બોલાયેલા 'નીલકંઠ' શબ્દનો સંકૂચિત અર્થ, વ્યક્તિ વિશેષ અર્થ સમજવામાં આવી રહ્યો છે તો તરત જ તેમણે જાહેરમાં કોઈની લાગણી દુભાઈ હોય તો માફી માંગીને પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી દીધી છે કેમ કે બાપુ સંઘર્ષ કરતા સંવાદમાં માને છે. અને આમ પણ સંઘર્ષમાં શક્તિઓ વેડફાઈ જતી હોય છે. સંવાદમાં જ્ઞાનનો દીપક વધુ તેજોમય બને છે. પણ હજીયે આ મુદ્દાને કેટલાક અનુયાયીઓ કે લોકો સોશિયલ મીડિયા ઉપર વધુ ને વધુ ફેલાવી રહ્યા છે. તો વળી આ સંદર્ભના કેટલાક સંતોએ પણ પોતાની આક્રોશભરી વાળીમાં, ક્રોધિત થઈને શ્રી કૃષ્ણ કે શ્રી રામની કે સનાતન હિંદુત્વની કે વેદો કે શાસ્ત્રોની ટીકાઓ કરતા વિડીઓ સેર કર્યા છે.

હું માનું છું કે દુનિયાનો કોઈપણ ધર્મ કે સંપ્રદાય માનવ ધર્મથી મોટો નથી. સાચો સંત કે મહાત્મા એ છે કે જે શબ્દના મર્મને સંકૂચિત રીતે નહીં પણ વિસ્તૃત રીતે એને મૂલવે. નીલકંઠ હોય, શિવ હોય કે શ્રી રામ - શ્રી કૃષ્ણ હોય... એ કોઈના ટ્રેડમાર્ક નથી, પણ સમગ્ર માનવજાતની આસ્થાના સંવાહકો છે, એક સંત જો ટીકા - ટિપ્પણી સાંભળીને ઉશ્કેરાઈ જાય તો એમના સંતત્વ ઉપર પ્રશ્નચિહ્ન લાગી જતું હોય છે. સાચો સંત ક્ષમા માગવામાં કે ક્ષમા કરવામાં માનતો હોવો જોઈએ. સાચો સંત કદી પોતાની "સત્યતા " પ્રમાણિત કે પ્રસ્થાપિત કરવા પ્રયત્નો કરતો નથી. કેમ કે સત્ય તો શાસ્વત છે. નીલકંઠ એ કોઈ વ્યક્તિ વિશેષ નથી. ગુણ વિશેષ છે, મોર અને ભમરાને પણ નીલકંઠ કહે છે, જે બન્નેના ગુણધર્મો વિપરિત છે.તો પછી નીલકંઠને કઈને આટલો આક્રોશ કેમ ?

આજની દુનિયા જુદી છે, હવે લોકો પ્રબુદ્ધ બન્યા છે, શિક્ષિત બન્યા છે અને સૌ પોતાની એક વિચારધારા ધરાવે છે. તેથી દરેક વ્યક્તિએ વ્યક્તિએ ધર્મની વ્યાખ્યા અલગ હોવાની, સૌ પોતાની સમજણ મુજબ ઈશ્વર અને ધર્મમાં પોતાની આસ્થા રાખે છે. અને એ દરેકને અધિકાર પણ છે. અને ક્યારે શું બોલવું ? કેવું બોલવું ? ક્યા બોલવું ? એ વ્યક્તિનો અબાધિત અધિકાર છે પૂ. મોરારિબાપુને લાખો નહીં પણ કરોડો લોકો રોજ સાંભળે છે, તેઓ મોટેભાગે પોતાની વ્યાસપીઠ ઉપરથી જ બોલતા હોય છે. અને સત્ય બોલતા હોય છે. આજસુધી ક્યારેય કોઈપણ ધર્મ કે સંપ્રદાય કે સંત મહાત્મા કે કોઈપણ માનવ પ્રત્યે તેમણે કટુતા નથી બતાવી કેમ કે તેઓ સૌને સરખી રીતે ચાહે છે. માને છે. વળી તેમનો કોઈ સંપ્રદાય નથી કે નથી તેમણે કોઈ વ્યક્તિને દેવ બનાવ્યા. વેદોમાં ઉલ્લેખિત સનાતન હિંદુત્વની સાથોસાથ તેઓ સર્વ ધર્મનો આદર કરે છે તો તેમના એક "નીલકંઠ" શબ્દથી આટલો વિવાદ શા માટે ? એમણે સ્વામીનારાયણ શબ્દ તો વાપર્યો જ નથી.

આજે સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક સંતોના આક્રોશભર્યા વિડીઓ વાયરલ થઈ રહ્યા છે. હવે એમના ત્રણ ચાર વિભાગોમાંથી ક્યા સ્વામીનારાયણ સંપ્રદાયના છે એ તો રામ જાણે પણ હિંદુત્વની, સનાતન ધર્મની, વેદોની, શાસ્ત્રોની, હિંદુ દેવી દેવતાઓની ટીકાઓ કરીને તેઓ પોતાની વિદ્વતા કે મહાનતા કે સંતપણું સિદ્ધ કરવા મથે છે ત્યારે એમની ઉપર અને એમને સંત બનાવનાર બન્ને ઉપર દયા ભાવ જન્મે છે. ખરેખર તો જ્યારે પૂ. બાપુને ખબર પડી કે પોતાના દ્વારા બોલાયેલા 'નીલકંઠ' શબ્દથી કેટલાક ભક્તોને દુઃખ થયું છે તો તેઓએ તરત જાહેરમાં ક્ષમા માગી લીધી છે તે જ ક્ષણથી સ્વામીનારાયણ સંતોએ, મેનેજમેન્ટે નાના મોટા સંતો અને અનુયાયીઓ, ભક્તોને જણાવી દેવું જોઈએ કે હવે આના વિશે કોઈ કશું ય ના બોલે. આવું કેમ ના થયું એનું મને આશ્ચર્ય છે. શું સાચો સંત પોતાની ટીકા ના સાંભળી શકે ? ક્ષમા ના કરી શકે ? ઈશુને જ્યારે શૂળીએ લટકાવીને બન્ને હાથમાં ખિલ્લા મારવામાં આવી રહ્યા હતા ત્યારે પણ ઈશુ એ એટલું જ કહ્યું હતું કે 'હે ઈશ્વર, તેઓને તું માફ કરજે કેમ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે ?' આવી ક્ષમાભાવના સાચા સંતોમાં ના હોવી જોઈએ ? અરે ખૂદ (ભગવાન) સ્વામીનારાયણે પણ એમને પીડિત કરનાર લોકો સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરીને સૌના હદય જીત્યા હતા. તો પછી એમના જ સંપ્રદાયના કેટલાક સંતો ને ભક્તોમાં આટલો આક્રોશ કેમ ? પણ આજે તો એક પ્રકારનું જાણે બયાનો, વ્યાખ્યાઓ અને પ્રમાણો સાથેનું યુદ્ધ ખેલાઈ રહ્યું છે. આનાથી શું સિદ્ધ થવાનું છે ?

આપણે એટલું સમજવું જોઈએ કે વેદો અને ઉપનિષદોમાં જે દેવી દેવતાઓની કલ્પના છે એ માત્ર કલ્પના નથી. કોઈ પરમ શક્તિ સ્વરૂપે એનું અસ્તિત્વ છે જ. એમાંથી ઘણા દેવો માનવ સ્વરૂપે જન્મ્યા હોવાની કથાઓ છે અને ક્યાંક કોઈ પુરાવાઓ પણ છે. પરંતુ આ બધુ સંદિગ્ધ છે. નક્કર નથી. આમ છતાંય સમસ્ત હિંદુ પ્રજા એમાં સો પ્રતિશત આસ્થા ધરાવે છે. કેમ કે એમને કોઈએ પેઢી દર પેઢીથી જોયા નથી માત્ર અનુભવ્યા છે. પરંતુ કેટલાક ધર્મો કે સંપ્રદાયો માણસને દેવ બનાવીને એના મંદિરો બનાવે કે પીઠ બનાવે કે આશ્રમો બનાવે ત્યારે અજુગતું લાગે છે. શક્ય છે કે કોઈ વ્યક્તિમાં દેવતાઈ ગુણો હોઈ શકે, વિશિષ્ટ શક્તિઓ હોઈ શકે પણ એ દેવ તો નથી જ. સનાતન દેવી દેવતાઓનો અનાદર કરી જ્યારે કોઈ વ્યક્તિને દેવ બનાવી એના નામની આગળ ભગવાન વિશેષણ લગાવી દેવાથી કોઈ ભગવાન કે ઈશ્વર કંઈ રીતે બની શકે ? આજે ઘણા સ્વામીનારાયણ મંદિરોમાં સંતોની વિશાળ મૂર્તિની સ્થાપના દેવોની જગ્યાએ અને સનાતન ધર્મના દેવી દેવતાઓને તેમના ચરણોમાં સ્થાન આપીને કે બાજુમાં સ્થાન આપીને કે દંડવત પ્રણામ કરતા બતાવીને શું સિદ્ધ કરવા ઈચ્છતા હશે એ તો તેઓ જાણે પણ પરમ શક્તિથી પોતે સર્વોપરિ છે એ સિદ્ધ કરવું એ તો જડતા જ છે.

મારું દૃઢપણે માનવું છે કે કદી પણ કોઈ જીવિત વ્યક્તિ દેવ હોઈ શકે નહીં, ઈશ્વર હોઈ શકે નહીં. હિંદુ ધર્મમાં પણ શ્રી રામ અને શ્રી કૃષ્ણને અવતાર લેખે સ્વીકારવામાં આવ્યા છે. પણ એમને ય કોઈએ જોયાનું જાણમાં નથી. જીવિત વ્યક્તિની પુજા આરાધના કરવી એ સૌનો વ્યક્તિગત પ્રશ્ન છે. અનેક એવા સંતો થઈ ગયા છે. જેમનું જીવન અનેક ચમત્કારોથી ભરેલું રહ્યું છે. કોઈ પરમ શક્તિએ એમને અનેક વિપદાઓથી ઉગાર્યા છે. વાલ્મીકિ, તુલસીદાસ, સુરદાસ, કબીર, મીરાં, નરસિંહ મહેતા... આવા અનેક નામો ગણાવી શકાય. પણ આનાથી તેઓ ઈશ્વર નથી બની જતા. પરમ શક્તિની સર્વોપરિતા અવગણીને વ્યક્તિવિશેષની ગુણવત્તા સિદ્ધ કરવી એ જાહેર રીતે તો સર્વ સ્વીકૃત ના જ હોઈ શકે. અને સંપ્રદાય એ ધર્મ નથી તેની વ્યાપકતા સીમિત છે. એ અમુક વ્યક્તિઓ કે સમાજોનું આસ્થાકેન્દ્ર છે જ્યારે ધર્મ એ સાર્વત્રિક છે. સમગ્ર માનવજાતનું કલ્યાણ કરે એ ધર્મ છે. પરંતુ આજે ધર્મ કે સંપ્રદાયોમાં પણ ધર્મનીતિનું રાજનીતિમાં રૂપાંતર થઈ રહ્યું છે.

સ્વામીનારાયણ સંપ્રદાયે આજે વૈશ્વિક કક્ષાએ અનેક ઉત્તમ મંદિરોનું નિર્માણ કરીને હિંદુત્વની ગરિમા વધારી છે, કરોડો લોકોને સત્સંગી બનાવ્યા છે. તો બીજી તરફ પૂ.મોરારિબાપુએ આઠ સોથી વધારે કથાઓ કરીને કરોડો લોકોને સંત્સંગના માર્ગે વાળ્યા છે. જેમ મંદિરો આસ્થાનું કેન્દ્ર છે તેમ બાપુની વ્યાસપીઠ અને એમની પવિત્ર વાણી પણ આસ્થાના કેન્દ્રો છે. જેમ સ્વામીનારાયણ સંપ્રદાયમાં મંદિરોના નિર્માણમાં ભક્તો લાખો કરોડો રૂપિયાનું દાન આપે છે તેમ પૂ. બાપુની કથા માટે પણ ભક્તો

અનુસંધાન પાના નં ૭ પર

ફોલો ધ રૂલ્સ : ફાયદો આપણો જ છે...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આવતીકાલથી ગુજરાતમાં ટ્રાફિકના નવા નિયમો લાગુ થવા જઈ રહ્યા છે. સ્વાભાવિક છે કે અત્યાર સુધી ટ્રાફિક નિયમો બાબતે લોલમલોલ ચલાવતા ચાલકો આનાથી અકળાયા છે બાકી તો જે આવા કડક નિયમો નહોતા ત્યારે પણ વાહનમાં જરૂરી ડોક્યુમેન્ટ રાખીને નીકળતા હતા કે હેલ્મેટ , સીટબેલ્ટ જેવી સેફટી અને ટ્રાફિકલાઈટની આમન્યા રાખતા હતા એમને તો કોઈ વાંધો છે જ નહિ. વાંધો છે તો એ લોકોને કે જેમને મન હર કાનુન તોડને કે લિયે હી બનતે હૈ એવી માનસિકતા છે. અસલમાં નિયમો તો પહેલેથી છે જ પણ આટલા આકરા દંડની જરૂર કદાચ એટલા માટે પડી કે એક તો એ નિયમોનું પાલન કરવામાં કચાસ રહી જતી હતી અને બીજું કે આના જ લીધે અને સુરક્ષા નિયમોની ઘોર બેદરકારીના પાપે દેશમાં માર્ગ અકસ્માતમાં થતા મોતોની સંખ્યા દિવસેને દિવસે વધતી ગયેલી છે. આપણે ત્યાં માર્ગ અકસ્માતોમાં મોતને ભેટનાર લોકોની વાર્ષિક એવરેજ અંદાજે દોઢ લાખ જેટલી છે અને તમને વાંચીને નવાઈ લાગશે કે આમાંથી ૭૦૦૦૦થી વધુ ઓવરસ્પીડીંગને લીધે, દસેક હજાર ઓવરટેકિંગમાં, છ હજાર જેવા કોઈ નશાની આડમાં, પાંચ હજાર રૉંગસાઈડને લીધે, ચારેક હજાર જેવા રેડલાઈટ હોવા છતાં હંકારવામાં તો દસેક હજાર જેવા હેલ્મેટ હોવા છતાં ન પહેરવાને લીધે અને બેક હજાર જેવા સીટબેલ્ટ બાંધવાને શાન કે ખિલાફ સમજવામાં હોમાઈ ગયા અને ૨૦૦૦ જેવા ચાલુ વાહને મોબાઈલ પર વાતું કરવામાં જીવનું કવરેજ ખોઈ બેઠા. યાદ રહે આ આંકડાઓ સરકારી છે અને છેક ૨૦૧૬ના છે અને આમાં સરકારી ચોપડે નહિ ચડેલા અકસ્માતો, અકસ્માતને લીધે અપંગ થયેલા કે ખોડખાંપણ પામેલા જીવોને ઉમેર્યા નથી જ....!!!!

ઉપરના આંકડા વાચ્યા પછી કદાચ તમને ને મને કડક ટ્રાફિક રૂલ્સનું મહત્વ સમજાઈ જશે અને એનો અમલ કરાવવા માટે કડક થવું જ રહ્યું એનું મહત્વ પણ સમજાઈ જશે જ, પણ સાથે સાથે એક વાત પણ નોંધવી જ પડે કે આટઆટલા અકસ્માતો અને એના આવા કારણોમાં જેટલો વાંક ચાલકો અને એમના દ્વારા થતી ટ્રાફિક રૂલ્સની અન્દેખીનો છે એટલો જ ફાળો ટ્રાફિક રૂલ્સના નામે છેડચોક થતા ભ્રષ્ટાચારનો પણ છે જ. આ નવા રૂલ્સમાં ફટકારાયેલા અતિશય આકરા અને ઊંચા દંડની રકમ જોતા બધાને એક જ સવાલ છે કે આનાથી થશે એવું કે પહેલા ૧૦૦ લઈને જવા દેતા હતા એ હવે ૫૦૦ કે ૨૦૦ માંગશે ? ખેર આ ચિંતા પણ અસ્થાને તો નથી જ અને બીજું એવું છે કે નવા ટ્રાફિક રૂલ્સમાં રોજબરોજ એટલા બધા કોમ્પલીકેશન બહાર આવતા જાય છે કે એમ થાય કે આમાંથી કેમ બચાશે ? આ લખાઈ છે ત્યારે શુક્રવારના જ ન્યુઝ છે કે નાનું બાળક જો ખોળામાં હશે અને તો એને પણ ત્રિપલ સવારી ગણવામાં આવશે !!! કે પછી લુંગી પહેરીને કોઈ ટ્રક ડ્રાઈવર ટ્રક નહી ચલાવી શકે..... આ કઈક વધુ પડતું થઈ ગયું હોય એવું નથી લાગતું....??? એક બીજા સમાચાર એવા પણ છે કે તપેલી ટાઈપની હેલ્મેટ નહિ ચાલે પણ આઈએસઆઈ માર્કાની જ હેલ્મેટ વેલીડ ગણાશે અને એ પણ પાછળ બેસેલાએ પણ પહેરવી પડશે. બે હેલ્મેટની દ્રષ્ટીએ થોડું અવ્યવહારુ છે પણ કદાચ સેફટી માટે આ પણ સ્વીકાર્ય. જો કે હેલ્મેટ વગર ફરતા ટ્રાફિક કે બીજા પોલીસોના સામાન્ય માણસો દ્વારા વાયરલ થયેલા અનેકો વિડિયોઝ પછી આદેશ એવો આવ્યો છે કે ટ્રાફિક પોલીસે પણ નવા કાયદાનું પાલન કરવું પડશે. સારું કહેવાય જો આવું થાય તો...!!! આવું જ નેતાલોગ અને પહોચેલા લોગ પર પણ લાગુ થવું જોઈએ...આફ્ટર ઓલ જો કાયદો બધા પર સમાન લાગુ થશે તો જ એનો અમલ ઝડપથી થઈ શકશે.

ખેર સોશિયલ મીડિયામાં આવતા મેમેઝ કે વાયરલ થતા વિડિયોઝમાં દેખાતો પબ્લીકનો આક્રોશ સમજી શકાય એવો છે કે ચાલી પણ ના શકાય એવા રસ્તાઓ , ચાર રાસ્તેથી લઈને ઓફીસો સુધી પહોચી ગયેલો ભ્રષ્ટાચાર, વધુ સરળ અને કાર્યદક્ષ આરટીઓ ઓફિસોની ઉણપ, પ્રસાદી આપ્યા વગર કામ થઈ જાય એવી સિસ્ટમો જેવા અનેકો મુદ્દાઓ છે જેને પહેલા સુધારવાની જરૂર છે. સી , જે લોકો કાયદાને માન આપે છે , ખોટું કરતા નથી એને પણ આ બધી જ જગ્યાએ અગવડો અને પારાવાર મુશ્કેલીઓ પડે છે. અમેરિકા , બ્રિટન કે બીજા દેશોના કાયદાઓ અને દંડની રકમ નવા નિયમો જેટલી જ છે એવી દલીલ કરનારાઓ એ ભૂલી જાય છે ત્યાં રસ્તાઓની હાલત , કાયદાના અમલની સીસ્ટમ અને ખાસ તો ત્યાની પ્રજામાં રહેલી સિવિક કે ટ્રાફિક સેન્સનો આપણે અહિયાં બિલકુલ અભાવ છે. નો હોર્ન ઝોનમાં હોર્ન મારવા , હજુ મૂછનો દોરો પણ ના ફૂટ્યો હોય એના હાથમાં ટુ કે ફોર વ્હીલર આપી દેવી , કોઈ જ ટેસ્ટ આપ્યા વગર લાઈસન્સ કઢાવી લેવું , હેલ્મેટ-સીટબેલ્ટ ના પહેરવા , આગળના વાહનથી સેફ ડિસ્ટન્સ ના રાખવું , રેડ લાઈટ જમ્પ કરવી , ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી.....લીસ્ટ લાંબુ થઈ શકે એમ છે..!!! પીયુસી સેન્ટરો પર અચાનક લાગતી લાંબી લાઈનો એ બતાવે છે કે આ સર્ટીનો નિયમ તો આપણે ઘોળીને જ પી ગયેલા. (જો કે આ સર્ટી પ્રદુષણ બાબતે કેટલું કારગત છે એ પાછો અલગ ચર્ચાનો વિષય છે !!!) આ